## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**અમારા ઉપવાસીને કારણે જ ભારત બંધ છે... એટલે તેમણે પણ આજે ઉપવાસમાં પણ બંધ પાળ્યો છે... પંજાબી જમવા ગયા છે...**

# પેથાપુરની પેટા ચૂંટણીમાં ચાર ઉમેદવારોએ જંગમાં ઝુકાવ્યું

ગાંધીનગર, તા.૧૦

પેથાપુર નગરપાલિકાની એક બેઠક માટે યોજાનાર પેટા ચૂંટણીમાં આજે ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે ૪ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

વોર્ડ નં.૪ની સામાન્ય સ્ત્રી માટેની અનામત બેઠક પર ભાજપે અનુ. જાતિની મહિલાને મેદાનમાં ઉતારી છે. ભાજપ તરફથી આજે બે ઉમેદવારી પત્રો ભરાયા છે એટલે ઉમેદવારનું નામ ઉમેદવારીપત્ર પાછા ખેંચવાના અંતિમદિવસે ચિત્ર સ્પષ્ટ થશે.

આજે ૪ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે તેમાં એક કોંગ્રેસ, એક અપક્ષ અને બે ભાજપના ઉમેદવારોનો સમાવેશ થાય છે. આજે ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ હતો. હવે ૧૨મી સપ્ટમ્બરે આ ઉમેદવારી પત્રોની ચકાસણી થશે.

૧૪મી સપ્ટેમ્બર એ ઉમેદવારીપત્ર પાછો ખેંચવાનો અંતિમ દિવસ છે.

ભાજપ તરફથી વાઘેલા સોનલબેન મેહુલકુમારે તેમજ વાઘેલા ફાલ્ગુનીબેન રમેશભાઈએ ઉમેદવારી નોંધાવી છે. વાઘેલા જોસનાબેન કરણસિંહે અપક્ષ ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી છે જયારે કોંગ્રેસમાંથી વાઘેલા હંસાબા કનુસિંહે ઉમેદવારી નોંધાવી છે.

રાજકીય વર્તુળોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ જંગ ત્રિપાંખીયો થવાની સંભાવના વધુ છે. જો કે બંને પક્ષો દ્વારા આ પેટા ચૂંટણીને વધુ મહત્વ આપવામાં આવી રહ્યુ છે. અપક્ષ ઉમેદવાર પણ સ્પર્ધામાં હોઈ કોણ કોના મત બગાડશે તે પ્રચાર અભિયાન શરૂ થતાં ખબર પડશે.

૨૫મી સપ્ટેમ્બરના રોજ આ પેટા ચૂંટણીનું મતદાન યોજાવાનું હોવાથી તંત્ર એ તે અંગેની તૈયારીઓ હાથ ધરી દીધી છે.

# અચાનક મરણ પથારીએ પહોંચેલા જૈન શ્રદ્ધાળુએ ચમત્કારિક સ્વાસ્થ્ય પ્રાપ્ત કર્યુ

**મુંબઈના નાથુલાલ જૈનને જીવજંતુ કરડતા હાથ-પગ કાપવા પડે તેવી સ્થિતિ સર્જાઇ : ગાંધીનગરમાં આચાર્ય સુનીલ સાગરજીએ દીક્ષા આપ્યાં બાદ અચાનક સ્વાસ્થ્યમાં સુધારો**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરમાં સેક્ટર-૨૧ ખાતે દિગંબર જૈન મુનિ આચાર્ય સુનીલસાગરજી મહારાજ તેમના સંઘ સાથે છેલ્લા ૫૬ દિવસથી ચાતુર્માસ કરી રહ્યાં છે. આ દરમ્યાન મુંબઈથી પધારેલા એક જૈન શ્રદ્ધાળુએ લાગુ પડેલ ગંભીર બિમારીના કારણે મરણ પથારીએ પહોંચી ગયા પછી આચાર્ય સુનીલ સાગરજી દ્વારા ક્ષુલ્લક સંસ્કાર અને પ્રતિકાત્મક સંથારો પ્રદાન કરાયા બાદ ફરી સ્વસ્થતા પ્રાપ્ત કરવાની ચમત્કારિક ઘટના સર્જાવા પામી છે.



આચાર્ય સુનીલસાગરજી ગાંધીનગર પધારેલ ત્યારે મુંબઈના અંધેરી ખાતેથી આશરે ૬૨ વર્ષીય વેપારી નાથુલાલ જૈન તેમના દર્શનાર્થે પધાર્યા હતા અને ગાંધીનગરમાં રહી દરરોજ મહારાજના આશિર્વચનનો લાભ મેળવતા હતા. ગાંધીનગર ખાતેના વસવાટ દરમ્યાન તેમને કોઈ અજાણ્યું જીવજંતુ કરડવાથી તેમના હાથે પહેલા સોજો અને પછી તેમાં સડો લાગુ પડ્યો હતો જે ઝડપભેર શરીરમાં અન્ય અંગોમાં પણ પ્રસરવા લાગ્યો હતો. આ કારણે નાથુલાલના સંતાનોએ તેમને તાત્કાલિક મુંબઈ તેડાવી ત્યાં સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરાવ્યા હતા જ્યાં નાથુલાલની પરિસ્થિતિ ખૂબ જ વણસી જવા પામી હતી અને એક જ સપ્તાહમાં તેમને ઓક્સિજન પર રાખવા પડ્યા હતા. એટલું જ નહી પરંતુ તેમનો હાથ અને જરૂર પડે પગ કાપવો પડે તેવી નોબત આવી પહોંચી હતી. તબીબોએ આ અંગે ઝડપથી નિર્ણય લેવા જણાવ્યું અને તેમ છતાં નાથુલાલનું જીવન અનિશ્ચિત હોવાનું પણ કહી દેતા સંતાનોએ આચાર્ય સુનીલસાગરજી મહારાજનો અભિપ્રાય લેવાનુ ઉચિત સમજ્યુ હતુ. આચાર્ય સુનીલસાગરજીએ નાથુલાલને પરત ગાંધીનગર લાવવા સલાહ આપતા મુંબઈથી તાત્કાલિક આઈસીયુ સાથેની એમ્બ્યુલન્સમાં અહીં લવાયા હતા.

અહીં લાવ્યાં પછી આચાર્યએ નાથુલાલની ઈચ્છા પૂછતા તેમણે દીક્ષા આપવા વિનંતી કરી જેથી આચાર્યએ તેમને લગાડેલ તમામ પ્રકારના સારવારના સાધનો હટાવવા પડશે તેવુ જણાવ્યું હતું. જેનો તબીબોએ એમ કહી વિરોધ કર્યો હતો કે તે હટાવતા જ નાથુલાલનું મૃત્યુ નિશ્ચિત છે. આમ છતાં નાથુલાલ તથા તેમના સંતાનોની મરજીથી તમામ સાધનો હટાવી લેવાયાં ત્યારબાદ આચાર્યએ નાથુલાલને ક્ષુલ્લક સંસ્કાર દીક્ષા આપી હતી અને તેમનું નામ ક્ષુલ્લકસાર્થક સાગરજી રાખવામાં આવ્યું હતું. આ સાથે તેમને પ્રતિકાત્મક સંથારો આપવામાં આવ્યો જેના બીજા દિવસે ક્ષુલ્લક સાર્થક સાગરજીએ જાતે માંગીને પાણી ગ્રહણ કર્યુ એટલુ જ નહી આ ઘટનાને આજે ૩૬ દિવસ થયાં પછી તેઓની બિમારીમાંથી મોટે અંશે બહાર આવી ગયાં છે અને દર બે દિવસે એકવાર પાણી ગ્રહણ કરી ઉપવાસ પણ કરી રહ્યાં છે. આ સાથે તેઓ જાતે બેઠાં-ઉઠતાં પણ થઈ જવા પામ્યાં છે. આ ચમત્કારિક ઘટનાથી તમામ જૈન શ્રદ્ધાળુઓ પણ અચંબિત થઈ જવા પામ્યાં છે જ્યારે આચાર્ય સુનીલસાગરજી તેને પ્રાકૃતિક જીવન શૈલીની તાકાત ગણાવી રહ્યા છે.




શહેરના સે. ૧૨ ખાતે ફિઝિયોથેરેપી કોલેજમાં વિશ્વ ફિજિયોથેરેપી દિવસની ઉજવણી કરાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓ માટે રંગોલી સ્પર્ધા, પોસ્ટર મેકિંગ સ્પર્ધા, ડાન્સ તથા ફિઝિયોથેરેપી અને મેન્ટલ હેલ્થ થીમ આધારિત કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા.




**શહેરમાંથી ભાદરવી પૂનમે અંબાજી જતા પદયાત્રિકો પસાર થયા**

ગાંધીનગર શહેરના માર્ગો પર ભાદરવી પૂનમે અંબાજી પગપાળા જતા પદયાત્રિકોનો ધસારો રહે છે. શહેરના રાજમાર્ગો ભકતોથી ઉભરાય છે.ત્યારે આજે સાંજના સુમારે અમદાવાદ નિર્ણય નગરનો રામેશ્વર અંબાજી પદયાત્રા સંઘ શહેરમાંથી પસાર થયો હતો. ત્યારે શહેરના માર્ગો પરથી ૨૦૦ જેટલા ભકતો પસાર થતા ''બોલ મારી અંબે જય જય અંબે''ના નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

# વિશ્વ આત્મહત્યા નિવારણ દિન નિમિતે નાટક યોજાયું

ગાંધીનગર, તા. ૧૦

વિશ્વ આત્મહત્યા નિવારણ દિન નિમિતે ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા ચાલતી જીવન આસ્થા હેલ્પ લાઈનના ત્રણ વર્ષ આજરોજ પુરા થયા છે. જેને પગલે જીવન આસ્થા હેલ્પ લાઈન દ્વારા જી.એફ.એસ.યુ. તેમજ જયોતિ સંઘ અમદાવાદના સહયોગથી ગાંધીનગરની શૈક્ષણિક સંસ્થાઓ સિધ્ધાર્થ લો કોલેજ, ચૌધરી મહિલા કોલેજ, આઈઆઈટીઆઈ, સેન્ટ્રલ યુનિવર્સિટી તેમજ નર્સિંગ કોલેજ ખાતો ડીવાયએસપી એમ.જે.સોલંકી, જીવન આસ્થા હેલ્પલાઈનનાલાયઝન ઓફિસર અને પોલીસ ઈન્સ્પેકટર પી.સી.વલેરા, તથા ડો.પ્રિયંકા કક્કડ, ડો.અનિલ ચૌહાણની હાજરીમાં તમામ કોલેજો ખાતે વિશ્વ આત્મહત્યા નિવારણ દિન અંતર્ગત સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જીએફએસયુના વિદ્યાર્થીઓ દ્વારા એક સુંદર નાટકના માધ્યમથી આત્મહત્યા નહીં કરવા માટેનો જાગૃતિ મેસેજ આપવામાં આવ્યો હતો.આ પ્રસંગે તમામ કોલેજના પ્રિન્સીપાલ, શિક્ષકગણ, તેમજ વિદ્યાર્થીઓએ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા અને નાટક નિહાળવાનો લાભ લીધો હતો.




# વાસણીયા મહાદેવ પાણીની ટાંકી પાસે જુગાર રમતા ચાર ઝડપાયા : એક ફરાર

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર-માણસા માર્ગ પર આવેલા વાસણીયા મહાદેવ હનુમાનજી મંદિર પાસે આવેલી પાણીની ટાંકી પાસે ખુલ્લી જમીનમાં આજે બપોરના સુમારે જુગાર રમતા ૪ શકુનીઓને રોકડ તેમજ મોબાઈલ સહિત કુલ રૂ. ૧૦,૭૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી પેથાપુર પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.જયારે એક શકુની ભાગી જવામાં સફળ રહ્યો હતો.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ પેથાપુર પોલીસના જવાનોને બાતમી મળી હતી કે વાસણીયા મહાદેવ મંદિર પાસે આવેલા હનુમાનજી મંદિર પાણીની ટાંકી પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેને આધારે પોલીસે રેઈડ કરતા જુગાર રમતા મનોહરસિંહ ચાવડા રહે.વાસણ ગામ, ગીરીશભાઈ ઉમેદભાઈ પટેલ રહે.કોલવડા ગામ, નિરવ પટેલ રહે.ઉનાવા, તેમજ દિલિપજી ઠાકોર રહે.ટહુકો હોટલ પાછળ ને પકડી પાડી રોકડ તેમજ પ્લાસ્ટીકના પોસ્ટર, મોબાઈલ નંગ-૪ કિ.રૂ.૯૦૦૦ સહિત કુલ રૂ. ૧૦,૭૫૦ નો મુદ્દામાલ સાથે ઝડપી પાડી પેથાપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાધ ધરી છે. જયારે બળવંતસિંહ વાઘેલા નામનો શખ્સ ભાગી છુટવામાં સફળ રહ્યો હતો. પોલીસે ભાગી છુટેલા શકુનીને પકડી પાડવા કાર્યવાહી હાથ ધરી છે.

# દલિત અધિકાર સંઘ ગુજરાતની પ્રદેશ કારોબારીની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧૦

દલિત અધિકાર સંઘ ગુજરાત પ્રદેશ કારોબારીની બેઠક તા. ૧૧ સપ્ટેમ્બરને મંગળવારના રોજ સવારે ૯.૩૦ કલાકે સેકટર-૧૨ આંબેડકર ભવન ગાંધીનગર ખાતે યોજાશે. આ બેઠકમાં તમામ જિલલા તેમજ રાજયકક્ષાના હોદેદારો અને કારોબારી સભ્યોને આમંત્રિત કરાયા છે.

આ બેઠકમાં ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વ.અટલબિહારી વાજપેયીનો શોક ઠરાવ, એસસી-એસટી એકટ બાબતમાં કેન્દ્ર સરકારે મુલ સ્વરૂપે અમલ કરવાનો નિર્ણય લીધો છે. તે અંગે કેન્દ્ર સરકારને અભિનંદન આપતો ઠરાવ તેમજ ડો. બાબા સાહેબ સંકલ્પ ભુમી વડોદરા ખાતે રૂપીયા ૧૧ કરોડના ખર્ચે સ્મારકનું નિર્માણ કરવાનું આયોજન કર્યુ છે તે બદલ રાજય સરકારને અભિનંદન આપતો ઠરાવ અને અનુસુચિત જાતિના સાધુ સંતોની જગ્યાઓના વિકાસ માટે રાજય સરકારે ફંડ ફાળવ્યું છે. તે સહિત અન્ય ઠરાવો પણ પસાર કરવામાં આવશે.

આ બેઠકમાં ગાંધીનગર શહેર અને જિલ્લા પ્રદેશ કારોબારીના સભ્યોને ઉપસ્થિત રહેવા મેનેજીંગ ટ્રસ્ટી જીતુભાઈ ફકીરભાઈ વાઘેલા અને પ્રદેશ પ્રમુખ અલ્પેશ ફકીરભાઈ વાઘેલાએ અનુરોધ કર્યો છે.



જીસીઈઆરટી ગાંધીનગર પ્રેરીત તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ગાંધીનગર અને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ગાંધીનગર દ્વારા સુજલામ સંકુલ ગાંધીનગરનું ગણિત વિજ્ઞાન પ્રદર્શન તા. ૬ અને ૭ સપ્ટેમ્બરના રોજ મગોડી ખાતે યોજાયું હતું. જેમાં ગાંધીનગર સે-૮ની આદર્શ નિવાસી શાળાના ગણિત વિજ્ઞાન શિક્ષિકા જાગૃતિબેન ગૌરના માર્ગદર્શન હેઠળ રણાવાસિયા દર્શન ધો-૧૦ અને વાવોલ અરવિંદ ધો-૧૦ દ્વારા 'સ્વાસ્થ્ય અને સ્વચ્છતા' વિષયનું મોડલ રજુ કરવામાં આવ્યું હતું અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ગણિતશાસ્ત્રના શિક્ષક અંકુરભાઈ પારેખના માર્ગદર્શન હેઠળ ડોરિયા વિજય ધો-૧૨ તથા ભગોરા હર્ષિલ ધો-૧૨ દ્વારા 'ત્રિપરિમાણિય ગાણિતિક નમૂના' વિષય પર ગાણિતિક મોડલ રજુ કરવામાં આવ્યું હતું. જેમાં તાલુકા કક્ષાએ 'ત્રિપરિમાણિય ગાણિતિક નમૂના' મોડલને નંબર પ્રાપ્ત થતા શાળાના આચાર્ય જી.કે. સોલંકીએ અંકુરભાઈ પારેખ અને બંને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# ચિત્ત વિકાર વૃત્તિઓ હિંસા અને સંસારને વધારવામાં કારણભૂત છે : આચાર્યશ્રી સુનીલસાગરજી

ગાંધીનગર, તા. ૧૦

ફૂંક મારીને દીવો ઓલવી શકાય છે પણ અગરબત્તી નહિં. કેમ કે અગરબત્તીની મહેકથી સમગ્ર વાતાવરણ સુવાસિત થઇ જાય છે. અહિં જલનને ઈર્ષ્યા અને દ્વેષના સ્વરૂપે વિશ્લેષિત કરતા ચર્યાચક્રવર્તી ૧૦૮ આચાર્યશ્રી સુનીલસાગરજી મહારાજે કહ્યું કે વ્યાવહારિક અને આત્મિક શાંતિ માટે ચિત્તની સ્થિરતા ખૂબ જ જરૂરી છે. ઈર્ષ્યા પાપરૂપ દાહ છે જે હિંસાનો પર્યાય છે એના લીધે અસંતુષ્ટ, મહત્વાકાંક્ષી લોકો એવું વિચારતા થઈ જાય છે કે અમુક પાસે મારા કરતાં વધારે કેમ ? અમુકને સન્માન મળ્યું મને કેમ નહિં? આ વિવિધ પ્રકારનો ચિત્ત વિકાર હિંસા છે.

શ્રાવક તો ઠીક પણ જો સાધુ એના ભંવરમાં ફંસાઈ જાય તો બહાર નીકળી શકતા નથી અને બધી જ શાંતિ ગુમાવી બેઠે છે જ્યારે જ્ઞાનીજીવ સ્થિતિપ્રજ્ઞ રહી અને આવી હિંસાથી બચીને પરિણામોને શાંત રાખવામાં સફળ થઈ જાય છે.

ભગવાન મહાવીર અણુવ્રતી શ્રાવક ધર્મને શ્રેષ્ઠ કહે જેમાં તે નવ પ્રકારની હિંસાનો એક દેશ ત્યાગ કરવાની ભલામણ કરે છે. એમાં શ્રાવક બિન જરૂરી હિંસા આચરતો નથી અને સ્થાવર જીવોનું આજીવિકા કે જીવન નિર્વાહ માટે વિનાશ થાય છે તેમાં પણ જોઈતો વિવેક અને સંયમ રાખે છે, ત્રસકાયિક હિંસાથી દૂર રહે છે, સભરભં, સભારંભ, આરંભ, મન, વચન, કાય અને ક્રોધ-માન-માયા-લોભનાં પરસ્પર ગુણાકારજનિત ૧૦૮ પ્રકારની હિંસાનો પ્રયશ્ચિત કરવા તથા ભાવ વિશુદ્ધિ માટે દરરોજ ઓમકાર મહામંત્રની માળા ફેરે છે. રાષ્ટ્રની રક્ષા માટે જૈનધર્મમાં વિરોધી હિંસાની વ્યાખ્યા કરવામાં આવી છે. કુમારપાળ દેસાઈ, સમ્રાટ ખારવેલ અને ચન્દ્રગુપ્ત મોર્યે રાષ્ટ્રની રક્ષા માટે અસ્ત્ર-શસ્ત્રના ઉપયોગ જરૂરિયાત પ્રમાણે નીતિપૂવર્ક કર્યા છે. ચન્દ્રગુપ્ત જૈનધર્મનો અનુયાયી એવો રાજા રહ્યું છે કે જેને પ્રજા પર પોતાનો ધર્મ આરોપિત કર્યુ નથી.



આચાર્યશ્રી ગાંધીજીનો દાખલા ટાંકતા કહે છે કે ગાંધીજી એટલા હદે અહિંસક હતા કે ડૉક્ટરે ફરજિયાત કહેવા છતાં તેમણે પોતાની પત્ની કસ્તૂરબાને દક્ષિણ અફ્રીકામાં ગંભીર માંદગીમાં પણ માંસનો શોરબા આપવાની ઘસાઈને ના પાડી દીધી. જયારે કસ્તૂરબાને આ ઘટનાની જાણ થઈ ત્યારે કસ્તૂરબાએ બાપૂનો ખૂબ આભાર માન્યું કે તેમનો વ્રત ભંગ થતા બચી ગયું. તેમણે કહ્યું કે જીવન વ્રત કરતાં વધારે નથી. અહિંસાથી ચરિત્ર-ઘણતર થાય છે.

# ગોઝારીયામાં રસ્તા પરથી મળેલ રોકડ રકમ પ્રમાણિક શિક્ષકે તેના મૂળ માલિકને પરત કરી

**સોશિયલ મીડિયા પર મેસેજ ફરતો કરતાં સવારે મળેલ રકમનો માલિક બપોર સુધીમાં મળી ગયો : શિક્ષકે સમાજને સોશિયલ મીડિયાના પોઝિટિવ ઉપયોગનો પાઠ ભણાવ્યો**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરથી મહેસાણા – વિસનગર તરફ જવાના માર્ગે આવતા ગોઝારીયા ખાતે આજે સવારે એક વ્યક્તિએ તેને રસ્તા પરથી મળેલા રોકડા રૂ. ૫૫૦૦ સોશિયલ મીડિયા થકી તેના મૂળ માલિકને શોધીને પરત કરી દઈને પ્રમાણિક્તા સાથે સોશિયલ મીડિયાના પોઝિટિવ ઉપયોગનું અનોખુ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

આજકાલ સ્માર્ટ મોબાઈલ ફોન પર સોશિયલ મીડિયાના વધુ પડતાં દુરુપયોગને સમાજમાં ચિંતકો દ્વારા વખોડવામાં આવી રહ્યું છે પરંતુ આજ સોશિયલ મીડિયા થકી સમાજને ઉપયોગી તેમજ હકારાત્મક કાર્યો પણ થઈ શકે છે જેના ઉદાહરણ પણ અનેક જોવા મળે છે. આજે સવારે ગોઝારીયામાં બસ સ્ટેન્ડ સામે નવરંગ પાર્લર આગળથી સવારે પસાર થઈ રહેલા ગામના નરેશભાઈ પસાભાઈ પટેલના ખિસ્સામાંથી ૫૦૦ના દરની કુલ ૧૧ ચલણી નોટ મળીને કુલ રૂ. ૫૫૦૦ પડી ગયા હતા. આ રકમ ગોઝારીયાના પૂર્વ ઉપ સરપંચ તથા ઈટાદરા ગામે શિક્ષક તરીકે ફરજ બજાવતા રાજેન્દ્રભાઈ એન. પટેલને અંદાજે પોણા દસ વાગ્યાના સુમારે મળી આવ્યા હતા. આથી રાજેન્દ્રભાઈએ તેમના વ્હોટ્સેપ પર મિત્રોને ''તેમને અમુક રકમ મળી છે જેની હોય તે પુરાવો આપી લઈ જાય'' તેવો એક મેસેજ મોકલી આ રકમના મૂળ માલિકને શોધવા પ્રયાસ કર્યો હતો. જોતજોતામાં સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલો આ મેસેજ બપોરે નરેશભાઈ સુધી પહોંચી જતાં તેમણે મેસેજમાં આપેલ નંબર પરથી રાજેન્દ્રભાઈનો સંપર્ક સાધ્યો અને રાજેન્દ્રભાઈએ તેમણે કેટલી રકમ હતી, કઈ નોટો હતી, ક્યાં પડી ગયા હતા સહિતની ચકાસણી કરી એમની વાતમાં સત્યની ચોકસાઈ કરી યોગ્ય લગતા આ રકમ તેમણે પરત કરી પ્રમાણિકતાનું અનોખુ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. પોતાની ખોવાયેલી રકમ પરત મળી જતાં નરેશભાઈએ પણ રાજેન્દ્રભાઈનો આભાર માની તેમને વળતર રૂપે ઈનામ આપવા પણ તૈયારી દર્શાવી હતી જે લેવાનો રાજેન્દ્રભાઈએ વિનયપૂર્વક ઈનકાર કર્યો હતો. ખરેખર સલામ છે આવા પ્રમાણિક નાગરિકોને જેઓ આજના કળિયુગમાં પણ માનવીય મૂલ્યો અને સંસ્કારનું જતન કરી રહ્યા છે.

**જાહેર ખબર**

**(વાહન હરાજીથી વેચવાનું છે.)**

મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના નિમ્નદર્શિત વાહનોને મહેસૂલ વિભાગ, બ્લોક નં. ૧૧ના પાર્કિંગ ખાતે રાખવામાં આવેલ છે. તેને જે-તે હાલતમાં જ હરાજીથી વેચવાના હોવાથી રસ ધરાવતી વ્યક્તિ /સંસ્થાઓ જે ગુજરાત ગુડ્ઝ એન્ડ સર્વિસીઝ એક્ટ-૨૦૧૭ (જી.એસ.ટી.) અંતર્ગત નોંધાયેલ હોય તેની પબાસેથી બંધ કવરમાં નિયત નમૂનામાં ઓફર મંગાવવામાં આવે છે.

| ક્રમાંક | વાહ નંબર, પ્રકાર અને ખરીદીનું વર્ષ | તળિયાની કિંમત |
|---|---|---|
| 1 | GJ-18-G-1857 (TATA SPACIO) Diesel (M-2005) | 40,000/- |
| 2 | GJ-18-G-2500 (MARUTI ESTEEM) Petrol + CNG (M-2007) | 40,000/- |

ઉપર દર્શાવેલ સ્થળે સરકારી કામકાજનાલ દિવસો દરમિયાન આ વાહનો જોઈ શકાશે. આ અંગેના ભાવપત્રક તા. ૨૫/૯/૨૦૧૮ના રોજ ૧૫:૦૦ કલાક સુધીમાં સીલબંધ કવરમાં 'ઉપસચિવશ્રી (મહેકમ), મહેસૂલ વિભાગ, બ્લોક નં.-૧૧, સચિવાલ, ગાંધીનગર' ખાતે R.P.A.D.થી કવર ઉપર વાહન નંબર લખી 'વાહન વેચાણના ભાવ' એમ દર્શાવી મોકલી આપવાના રહેશે. તા. ૨૭/૯/૨૦૧૮ના રોજ બપોરે ૧૬:૦૦ કલાકે ખોલી હરાજી હાથ ધરવામાં આવશે, તે પાર્ટીએ વાહનની રકમ તેમજ તે રકમ પર ભરવાપાત્ર જી.એસ.ટી. ભરવાનો રહેશે. અરજીનો નમૂનો તથા શરતો વિભાગની વેબસાઈટ http://revenuedepartment.gujarat.gov.in/ પરથી તથા શાખા કક્ષાએથી મેળવી શકાશે અને રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે.

માહિતી/૧૫૧૮/૧૮-૧૯

# આજે સેનવા-રાવત સમાજ મુખ્યમંત્રીનું સન્માન કરશે

સ્વાતંત્ર પર્વ સમયે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ દલિત સમાજની આસ્થા સમા બે ધાર્મિક સ્થાનોના વિકાસ માટે રૂ. ૩-૩ કરોડની જાહેરાત કરી છે. જેને તમામ દલિત સમાજે આવકારી અભિનંદન આપેલ છે.

દલિતમાં પણ અતિપછાત એવી સેનવા-રાવત જ્ઞાતિના ગુરૂ બેચર સ્વામીની જગ્યા રાવત-રામજી મંદિર સીદ્ધપુરના વિકાસ માટે ૩ કરોડની રકમની ફાળવણી કરતાં સમગ્ર ગુજરાતનો સેનમા સમાજ આનંદવિભોર બન્યો છે. સામાજીક સમરસતાનું એક ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું છે. સરકાર વંચિતોના વિકાસને વરેલી છે અને છેવાડાના માનવીની પણ ચિંતા કરે છે, તેની પ્રતિતી કરાવી છે. સેનવા-રાવત સમાજે સરકારના આ ઉમદા કાર્યને ફુલડે વધાવ્યો છે. તેમજ મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી તથા પ્રદેશ ભાજપના નેતૃત્વનો પણ દિલથી આભાર માન્યો છે. તા. ૧૧-૯-૧૮ને મંગળવારના રોજ બપોરના ૩.૩૦ વાગે સચિવાલય ખાતે સ્વર્ણીમ સંકુલ-૧માં આવેલ સાબરમતી હોલ ખાતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું સમગ્ર ગુજરાતની સેનમા-રાવત સમાજની ૨૮ સંસ્થાઓ દ્વારા જાહેર સન્માન કરવામાં આવનાર છે. તેમ ગુજરાત સેનવા-રાવત વિકાસ સંઘના પ્રમુખ, પૂર્વ ધારાસભ્ય, પૂર્વ સંસદીય સચિવ પુનમભાઈ મકવાણાએ જણાવેલ છે.